# કમ્બાઇન જોઇંટ એગ્રેસ્કો મીટીંગમાં ચા/નાસ્તો અને ભોજનના ભાવ આપવા બાબત

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે તા. ૧૧-૧૩ એપ્રીલ ૨૦૧૬ દરમ્યાન્ કમ્બાઇન જોઇંટ એગ્રેસ્કો મીટીગનું આયોજન કરેલ છે. આ મીટીંગ દરમ્યાન આશરે ૧૫૦ વ્યક્તિઓ માટે ચા/કોફી, નાસ્તો તથા બન્ને સમયના ભોજન નીચે દર્શાવેલ પત્રક મુજબ બનાવવાનુ રહેશે. તો નીચે જણાવેલ શરતોને આધીન તમારા ભાવો તા. ૦૭/૦૪/૨૦૧૬ સુધીમા ટપાલ/કુરીયરથી બંધ કવરમા ડીન, અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમા મોકલવાના રહેશે

મેનુ :-

| તારીખ | સમય | મેનુ | ભાવ પ્રતિ ડીશ/ યુનિટ (રૂ. પૈસા) |
|---|---|---|---|
| તા. ૧૦.૦૪.૨૦૧૬ | સાંજે | ખીચડી-કઢી, શાક, ભાખરી, કચુમ્બર, પાપડ | |
| તા. ૧૧.૦૪.૨૦૧૬ | બેડ ટી | બધી હોસ્ટેલ પર | |
| | સવારે | વેજીટેબલ ઉપમા, કોપરા ચટણી ચા-કોફી | |
| | ૧૧.૦૦ | ચા-કોફી | |
| | બપોરે | ઉંધીયુ, પંજાબી( મટર પનીર), મગ લીલા, પુરી, રોટલી, ફરસાણ- કેળા મેથીના ભજીયા,દાળભાત ( બાસમતી), કચુમ્બર, પાપડ, છાસ, મુખવાસ, મઠો (ડ્રાયફ્રુટ), આઇસ્ક્રીમ<br>( અમેરીકન ડ્રાઇફ્રુટસ) | |
| | ૩.૩૦ | ચા-કોફી | |
| | સાંજે | પાલક પરોઠા, રસાવાળા બટાકાનુ શાક, કચુમ્બર, વેજી પુલાવ, કઢી | |
| તા. ૧૨.૪.૨૦૧૬ | બેડ ટી | બધી હોસ્ટેલ પર | |
| | સવારે | ચા-કોફી મેથીના ગોટા, ચટણી, મરચા | |
| | ૧૦.૩૦ | ચા-કોફી | |
| | બપોરે | શાક સુકીભાજી, તુરીયા પાત્રાનું લીલુ શાક, પુરી, રોટલી, કેરીનો રસ, ફરસાણ, ઇદડા, દાળ-ભાત, છાશ, કચુમ્બર મુખવાસ | |
| | ૩.૩૦ | ચા-કોફી | |
| | સાંજે | છોલે ભટુરે, છાસ, કચુમ્બર, દાલ ફ્રાય- જીરા રાઇસ | |

| | | | |
|---|---|---|---|
| તા.૧૩.૦૪.૨૦૧૬ | બેડ ટી | બધી હોસ્ટેલ પર | |
| | સવારે | સેવ ખમણ, જલેબી, મરચા, ચા-કોફી | |
| | ૧૦.૩૦ | ચા-કોફી | |
| | બપોરે | શાક પંચકુટીયુ, વાલ, રોટલી-પુરી ફરસાણ-બટાકા વડા, ચૂરમાના લાડુ, દાળ-ભાત, કચુમ્બર, પાપડ, છાશ | |

શરતો અને બોલીઓ :-

૧. પિરસવા માટેના વેઇટરની વ્યવસ્થા  પાર્ટીએ કરવાની રહેશે. (આશરે 30 વેઇટર સ્વચ્છ અને ચોખ્ખા ડ્રેસ સાથે હોવા જોઇએ

૨. જમવા માટે એક વી.આઇ.પી તથા બે અન્ય કાઉન્ટર બનાવવાના રહેશે.

3. સમારંભના અંતે સાફ સફાઇ કરી જમવાનું સ્થળ વ્યવસ્થીત ચોખ્ખુ કરવાનુ રહેશે.

૪. રસોઇ બનાવવા તથા જમવા/નાસ્તા માટેના તમામ સાધનો આપના રહેશે.

૫. નાસ્તો, જમવામાં તથા રસોઇ બનાવવામાં મીનરલ વૉટરનો ઉપયોગ કરવાનો રહેશે.

૬. માલ સામાન લાવવા લઇ જવાની વ્યવસ્થા તથા નાસ્તો આપવાનો ટ્રાન્સ્પોર્ટ તમારે જાતે કરવાનો રહેશે.

૭. આયોજક જે સમય મર્યાદા આપે તેમાં નાસ્તો અને ભોજન તૈયાર રાખવાનું રહેશે.

૮. તમામ ભાવ ટેક્ષ અને ઉપરોક્ત શરતોને ધ્યાન્માં લઇ નીચે દર્શાવ્યા મુજબના ફ્રોર્મમા ભરવાના રહેશે.

૯. ટેન્ડર ફ્રોર્મ સાથે રૂ. ૫00/- નો(નોન રીફંડેબલ) તથા ઇ.એમ.ડી પેટે રૂ. ૫000/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ **Associate Director of Research (Ani. Sci.)** ના નામનો આપવાનો રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ વિના ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

૧૦. ચા કોફી બેડ ટી વગેરે જે તે સ્થળે પહોચાડવાનુ રહેશે.

૧૧. સંજોગોવસાત સંખ્યામા ફેરફાર થાય તે માન્ય રાખવાનુ રહેશે.

૧૨. ચુરમાના લાડુ રવા-ચણા ખાંડના શુધ્ધ ઘીમા તથા મઠો ડ્રાઇફ્રુટનો આપવાનો રહેશે.

૧૩. નાસ્તા તેમજ ભોજનની ગુણવતા નહિ જળવાઈ તેવા કિસ્સામાં યુનિવર્સિટી દ્વારા નિયુક્ત કમિટી નક્કી કરે તે દંડાત્મક રકમ પાર્ટીએ ભરપાઈ કરવાની રહેશે.

૧૪. જે પાર્ટીના ભાવ મંજુર થશે અને કામ કરવાનો અસ્વીકાર કરશે તો તે પાર્ટીની ઇ.એમ.ડી રકમ રૂ.5000/- જપ્ત કરવામાં આવશે.

૧૫. મેનુની આઇટમોમા સામાન્ય ફેરફાર કરવાની જરૂર જણાય તો પાર્ટીએ તે કરી આપવાની રહેશે.

૧૬. ભાવ પત્રક નીચે પાર્ટીએ સહિ-સિક્કા કરવાના રહેશે.